

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧




'સ્વીકૃતિ'ને 'ક્ષમા' આપવાથી બધું મળી જાય છે,
ને માફી માગી લેવાથી દુખો બધાં ટળી જાય છે,
ફળી જાય છે શ્રદ્ધા, હકારાત્મક વિચારોથી જ -
ઇશ્વરી ઇચ્છામાં સૂર મળે સંતાપો ઠરી જાય છે.

શ્રી સ્વામીજી એ
વ્યાખ્યાન માં કરાવ્યો -
બ્રહ્મ-વિહાર..

'આપો' ને 'ભૂલો'
સદ્‌વિચારમાં જ છે -
જીવન-અર્ક..




## ચિંતન

**વિશ્વાભિરામ ગુણ ગૌરવ ગુમ્ફીતાનાં, રોષો અપિ નિર્મલ ધિયાં રમણીય એવ ।**
**લોક પ્રિયૈઃ પરિમલૈઃ પરિ પરિતસ્ય કાશ્મીર તસ્ય કટુતાપિ નિતાંતરમ્યા ॥**

'વિશ્વને આનંદદાયક ગુણો ધારણ કરનારા, નિર્મળ અને બુદ્ધિશાળી સજ્જન પુરુષો કદાચ ને ક્રોધ પણ કરે - તો પણ તે રમણીય અને આનંદપ્રદ લાગે છે, જેમ લોકોમાં પ્રિય સુગંધીવાળા કેસરમાંથી કદાચ તીવ્ર સુગંધ આવતી હોય તો પણ એ તીવ્રતા ઘણી જ સુંદર લાગે છે.'

ઘણીવાર મોટા માણસ 'રેલી'માં આપણી સામે હાથ મિલાવે, સ્મિત આપે ભૂલથી નશીબ જાગે એમની સાથે ફોટો આવી જાય તો આપણે એને મોટો કરાવી ઘરમાં-પ્રદર્શનમાં રાખીએ છીએ મોટા માણસની છાયા-છરકતો પરિચય પણ આપણને આનંદ આપે છે; 'આપણો માણસ છે' એવો ભાવ જ્ઞાતિ-અટક ભળતાં લાગે તો પણ થાય છે. કચ્છીમાં એક કહેવત છે 'ફ્સી દાઢી પર્યા ખસ' (અર્થાત એ મૂર્ખ, જરા દૂર હટ) રાજા આવું કોઇને કહે છે ત્યારે પેલો માણસ બધાને કહે છે. 'રાજાજી એ મને વ્યક્તિગત બોલાવ્યો.'

આમ ગુરુ, શિક્ષક, મહાત્મા, નેતા આપણા પર ગુસ્સો કરે તો પણ આપણા હિત માટે અને આપણને આનંદદાયક લાગે છે. કેસરની સુગંધ ઉગ્ર હોય છતાં માણવી ગમે છે.

## સુવિચાર

- ખુદ કો સમજને વાલે.. ખુદા કો ભી દેખતે હૈ... - **ઓશો**
- મોટા ભાગના માનવીના મનમાં એક છલ કરનાર 'હું' પણ વસે છે.. આ 'હું' એ અહંકારનું વિષય સ્વરુપ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જયારે મૃત્યુની પવિત્રતાને પ્રશંસાનું પાણી રેડીને પાતળી કરી નાખવામાં આવે છે.. ત્યારે સ્વર્ગસ્થના પ્રશંસકો તેના વારસદારના ખુશામતીયા બની ગયા હોય છે - **પૂજ્ય મોટા**
- નિંદા સ્તુતિ નવ ગુણો, હૈડે રાખી હામ, સર્વેનું શુભ ચાહીને કર તું તારું કામ - **અખંડ આનંદ**
- પ્રતિષ્ઠા એટલે પ્રતિ-ઇષ્ટ = ઇષ્ટ તરફ પ્રયાણ એટલે પ્રતિષ્ઠા.. પોતાનું અને સૌનું મંગળ ઇચ્છે તેમને પ્રતિષ્ઠા મળે - **શાહબુદ્દિન રાઠોડ**
- સત્યની સુંદરતાને જેમણે આચારમાં ઉતારી છે તેમને માટે સારુંયે જગત સુંદર છે સત્ય હંમેશા સુંદર હોતું નથી અને સુંદર હંમેશા સત્ય હોતું નથી - **ફાધર વાલેસ**
- તકદીરની ચાલ અને હવાની રુખ માનવીના વશમાં નથી - **જનકલ્યાણ**

(સંકલન : દિપક વી. આસરા)

## બોધ કથા

આપણે, મોટા-મનમાં કંઇક વિચારતાં હોઇએ મુખમાં જુદુ જ હોય - હૈયામાં દંભની હેલી હોય, હોઠ પર સ્મિત, જુઠ-દંભ-બનાવટે માણસને યાંત્રિક બનાવી નાખ્યા છે બાળકોમાં હજુ નિખાલસતા બચી છે.

અમેરિકાના પ્રમુખ અબ્રાહ્મ લિંકન ગોરા તો નો'તા જ પણ દેખાવે પણ થોડા કદરુપા હતા. હેન્ડસમ તો બિલકુલ હતા જ નહીં.

એક પિતા પોતાની પ્રાથમિક શાળામાં ભણતી પુત્રીને લઇ લિંકનની મૂલાકાત માટે ગયા. રસ્તામાં જ પુત્રીને લિંકનના દેખાવ બાબતે ચેતવી દીધી હતી અને સ્પષ્ટ કહ્યું હતું. બેટા લિંકન મહાન માણસ છે પણ દેખાવે ગોરા કે હેન્ડસમ નથી..

પિતા-પુત્રી લિંકનને મળ્યા. લિંકન તે વખતે બગીચામાં હતા. તરત ઘૂંટણિયે ટેકવી પુત્રીની ઊંચાઇ પ્રમાણે લિંકન નીચા નમ્યા. હાથ મિલાવ્યો. ચોકલેટ આપી અને એક રમૂજ સંભળાવી, દિકરીને ખૂશખૂશાલ કરી દીધી. પછી નામ પૂછ્યું અને ઉભા થયા.

પુત્રીએ તરત પોતાના પિતાને કહ્યું, 'પપ્પા, તમે તો કહેતા હતા. પ્રેસીડન્ટ ગોરા નથી, કદરુપા છે પણ આટલા સુંદર અને લાગણીશીલ છે એ તો કહ્યું જ નહીં?!'

પિતા સંકોચ સાથે લિંકન સાથે ખડખડાટ હસ્યા.

Email - sureshchandrabhatt18@gmail.com

# બાળકીની બબાલ...!! ઈધર ચલી મેં, ઉધર ચલી, જાને કહાં મેં કિધર ચલી...!!

## બધા ઘરને અંદરથી મારી દે તાળાં, ખરી લાગણીની જ્યાં માગું હું ભિક્ષા ઉછેરે છે જે રીતે બાળકને માતા, મેં એમ જ ઉછેરી છે તારી પ્રતીક્ષા

'હેલ્લો, અરે મને જલ્દી કોઇ પિડીયાટ્રીક્સનો નંબર આપને' શિવાની એ એની ફર્સ્ટ ઈયર એન્જીનીયરીંગમાં સાથે અભ્યાસ કરતી ફ્રેન્ડ તોશાલીને ફોન કર્યો.

રાતના સાડા દસ વાગ્યા હતા. રવિવાર હતો, તોશાલી એમના સમાજના કાર્યક્રમમાં ભોજનની ડીશ સાથે મ્હાલી રહી હતી. કેરીના રસનો ઘૂંટડો ઉતારી એણે કહ્યું, 'અરે, શું થયું? તારા ઘરમાં તો કોઇ નાનું નથી?'

'અમારા પાડોશી બહેનની પાંચ દિવસની બાળકી સતત ત્રણ કલાકથી રડે છે. રોકાવાનું નામ નથી લેતી, પ્લીઝ તારા પપ્પાને કહે ને કંઇક હેલ્પ કરે, મને ખબર છે એ સમાજસેવાના કાર્યો કરે છે.' શિવાનીના ફોનમાં પણ એ રડતી બાળકીને કર્કશ અવાજ સાંભળી તોશાળીએ એની ડીશ મમ્મીના હાથમાં પકડાવી પપ્પા સેવકને શોધવા તરત નીકળી.

'અત્યારે બાળકી કયાં છે?' સેવકે ફોન હાથમાં લીધો અને ઈન્ફોર્મેશન લેવાની શરુ કરી. 'શહેરના ખ્યાતનામ ડૉકટર જોષીને ત્યાં જ છે, પણ ડૉકટર હાજર નથી અને જુનિયર ડૉકટર હાથ ઊંચા કરી દીધાં છે.' તોશાળી ફટાફટ બોલતી હતી.






સેવકે એ ડૉકટરને ફોન કર્યો, નો રિપ્લાય... બીજા એક જાણકાર બાળકના ડૉકટરને ફોન કર્યો એમનો મોબાઈલ સ્વિચ ઓફ. સેવકે ફરી એની દીકરીને કહ્યું, 'તારી પેલી કલાસમેટ છે ને? એના, પપ્પા પણ પિડીયાટ્રીક્સ છે. પ્લીઝ એનો ફોન નંબર લાવ...' એમણે આ દરમિયાન ફટાફટ અન્ય મિત્રોને મેસેજ કરી ગાંધીનગર શહેરના પિડીયાટ્રીક્સને ટ્રેસ કરવા શરું કર્યા...

'મારી ફ્રેન્ડ્‌સ એના પપ્પાનો નંબર મેસેજ કર્યો છે. અને એમને વાત કરી છે કે તમારો ફોન આવશે.' તોશાળીના ચહેરા પર ખુશીની લહેર સ્પષ્ટ વર્તાતી હતી...

'હેલ્લો, ડૉ. સુકેતુ, હું સેવક વાત કરું છું. એક ઈમરજન્સી છે. પાંચ દિવસની બાળકી ત્રણ કલાકથી રડી રહી છે, પ્લીઝ હેલ્મ પી આઉટ.'

'સૉરી, સેવકભાઈ હું તો અમદાવાદ છું. પણ તમને ડૉ. નિરંજનનો ફોન નંબર આપું છું. એ અવેલેબલ જ છે, મારો રેફરન્સ આપી વાત કરજો. તમને જરુર મદદ કરશે.' ડૉ. સુકેતુને સજ્જડ મદદ કરી આપી.

સેવકે તોશાલીની ફ્રેન્ડ શિવાનીને ફોન પર પેશન્ટને કઈ હોસ્પિટલમાં લઈ જવાનું, એની ગાઈડ લાઈન આપી દીધી.

'થેંક્યુ સેવક અંકલ, પણ હવે બાળકી રડતી બંધ થઈ ગઈ છે.' શિવાનીએ વધામણી આપી.

સેવકને થોડી ખુશી અને અકડામણ વધુ થઈ. ગુસ્સો પણ આવ્યો કે આ લોકો સમજતાં જ નથી. ૧૫ મિનિટની મથામણ બાદ કોઈક ડૉકટરને શોધી એમને વિનંતી કરી ઈમરજન્સીમાં તૈયાર કરાવ્યાં. અને આ હવે બાળકીને બતાવવાની જ ના પાડે છે!

'શિવાની, તને ખાત્રી છે કે બાળકી હવે નહીં જ રડે? અત્યારે ડૉકટર હાજર છે, રાત્રે બે વાગે તકલીફ થઈ તો કોણ હાથ પકડશે? મારું માનો તો ભલે ફીના પૈસા જાય જરા બતાવી જ આવો.' સેવકે બિલકુલ શાંતિથી સમજાવી એમને હોસ્પિટલ બાજુ રવાના કરી દીધા, નિરાંતનો શ્વાસ લઈ બે કોળીયા જમવા ડીશ હાથમાં પકડી, રાતના ૧૧ અને બાળકીના વિચારે સેવકને જમવાનું કયાંથી ભાવે...

અરધા કલાકમાં જમીને સેવક એમના પરિવાર સાથે ઘર જવા નીકળ્યાં. તોશાળીને કહ્યું, 'બેટા તારી બહેનપણીને ફોન તો કર શું થયું? અને કેમ જાણે કેમ પણ સેવકના પરિવારે ઘરે જતાં પહેલાં હોસ્પિટલ પાંચ મિનિટ બાળકીની ખબર કાઢી જવું એમ વિચારી ગાડી ત્યાં વાળી લીધી...'

હોસ્પિટલના કંપાઉન્ડમાં રડતી બાળકી, એની માતા, મામા, પાડોશી શિવાની અને એની મમ્મી ડૉકટરની રાહ જોતાં આટાં મારતાં હતા. 'શિવાની, ડૉકટર હજુ નથી આવ્યાં? મેં તો પોણા કલાક પહેલાં વાત કરેલી, એમણે હા પણ પાડી હતી.' સેવકને ડૉકટર પ્રત્યે જરા અણગમો જ થયો!

'સાહેબ, ઘણાં પેશન્ટ ફોન કર્યા બાદ આવતાં જ નથી. ડૉકટર બિચારા એમની ઉંઘ બગાડી રાહ જુએ અને પરત ફર્યાના અનેક કિસ્સા બન્યા છે. એટલે પેશન્ટ દવાખાને આવે એટલે અમે એમને ફોન કરીએ ત્યારે જ આવે,'નર્સે ચોખવટ કરતા સેવકને વાસ્તવિકતાનું ભાન થયું અને નોર્મલ બની ગયા...

ડૉકટર આવે ત્યાં સુધી બાળકીની માતા સાથે વાત કરતાં જ જે સત્ય સામે આવ્યું એ ભયાનક હતું. બાળકી એ એની માતાએ લીધેલી દત્તક પુત્રી હતી! માતા માટે બાળક ઉછેરવાનો પ્રથમ પ્રસંગ. ઘરમાં કોઈ વડીલ વ્યક્તિ નહીં. એ બહેનના પતિ બહારગામ નોકરી કરે. એમણે બાળકીને ડેરીની કોથળીનું દૂધ પીવડાવેલું. ધાવણ તો હતું નહીં. અને કદાચ એ કારણે જ એ રડતી હતી... સેવક અને એનો પરિવાર તો આ સાંભળી સ્તબ્ધ થઈ ગયો.

'પાંચ જ દિવસની બાળકીને એ આ બેન કેમ ઉપાડી લાવ્યાં?' ગાડીમાં ગોઠવાતાં સેવકે પત્નીને પ્રશ્ન કર્યો. અને એનો જવાબ તો એથીય વધુ આંચકાજનક આવ્યો. બાળકી જયારે ડૉકટર રુમમાં હતી ત્યારે શિવાનીના મમ્મીએ બાળકીની વાત કરેલી...

બાળકીના માતા-પિતા અમદાવાદ રહે છે. એમને પ્રથમ સંતાનમાં પુત્ર છે. બીજી વાર જયારે એ પ્રેગનન્ટ રહી ત્યારથી જ એના પતિ અને સાસરીયાંનો અત્યાચાર શરુ હતો. દીકરી થાય તો ઘરમાં પગ મુકતી જ નહીં. પતિએ જ અલ્ટીમેટમ આપેલું!

...અને, બાળકી અવતરી, ઘરમાં બબાલ અને રોદણાં શરું થયા. આખા દિવનસના અત્યાચાર બાદ માતા પાસે પોતે આત્મહત્યા કરવી અથવા બાળકીને ક્યાંક મુકી આવવી એવાં બે જ રસ્તા વધ્યા. છેલ્લે કાળજું કઠણ કરી એણે દીકરીને મંદિરમાં મુકી આવવાનું નક્કી કર્યું...

પણ, ભગવાન ચમત્કાર બતાવે જ છે. એ બહેનની નણંદ કે જેને સંતાન જ નહોતું એ મંદિરે આવી અને બાળકીને છાતી સરસી ચાંપી, દીકરી અને ભાભી બંનેને જીવનદાન આવ્યું... એક ઘરમાં ઉછરેલાં બે સંતાનોમાં એક કંસ જેવો પાકે કે જે દીકરીને વધેરવા તૈયાર થાય અને બીજી યશોદા જેવી જે દીકરી સાચવવાં તૈયાર થાય! મંદિરમાં એકઠાં થયેલાં લોકોનાં આંખમાં પાણી હતા...

એ બહેન તો બાળકીને એમના ઘરે લઈને આવી ગયા, એમના પતિ પણ ખુબ જ સારા એમણે આ પણ આ નિર્ણય વધાવી લીધો. ઘરમાં લક્ષ્મી પધાર્યાની મિઠાઈ વહેંચાઈ... દીકરી ઉછેરવાની બહેનને કદાચ થોડાં દિવસ તકલીફ પડશે પણ એમને ઘરમાં બાળકનો કિલકિલાટ જોવા મળશે, ખરેખર ધન્ય છે એ માતા...

બિલકુલ સત્ય ઘટનાની આ વાતમાં સમાજના બે સ્વરુપના દર્શન થાય છે... બાળકીના રૂદનથી વ્યથિત થઈ એની માતા, મામા, પાડોશી, બહેન અને શિવાની, તોશાલી, સેવક, ડૉ. સુકેતુ, ડૉ. નિરંજન બધાં માત્ર ને માત્ર સેવા-મદદના ઉદેશ્યથી બધાં કામ પડતાં મુકીને મદદ માટે તત્પર થાય એ વાત આપણાં લાગણીશીલ સમાજની તાસીર છે.

બાળકીની સગી માતા, શું કહેવું સારું કે ખરાબ? બાળકીને જન્મ આપી ત્યજવા કરતાં પહેલેથી જ રસ્તો કર્યો હોય તો? જે માણસ દીકરીનો દુશ્મન જ હોય તો બીજા સંતાનની માથાકૂટમાં જ શું કામ પડી? એવાં પુરુષ સાથે સંસાર કરવાં કરતાં અને એવા પરિવારમાં રહેવા કરતાં ત્યાં ન રહેવું જ હિતાવહ હતું... અને મહેણાં-ટોણાં માટે કાયમ વગોવાતી નણંદની ઉદારતાં, ભાભીએ તો એનાં પગ ધોઈ પીવા જોઈએ!!!

**ચૂંટલો :**

દીકરીને દુશ્મન ગણી, જન્મતા જ ક્રૂર થઈ ઘરમાંથી ત્યજી દેતાં મા-બાપ જોઈ અરેરાટી વ્યાપે છે ત્યાં અનાથ-ત્યજાયેલી બાળકીનો ઉછેર કેવી રીતે કરવો? એની ખબર ન હોવા છતાં વહાલથી ગળે લગાડનાર સ્ત્રીની મમતા પણ સમાંતર દેખાય છે... સારું-નરસું બધું આપણી આસપાસ છે. આપણે તો સારાં કર્મના સહભાગી બનીએ.

# સુમનબેન રીતિરિવાજો અને નિયમોમાં બહુ પાકાં હતા, મજાલ છે કે મમ્મીની સામે કોઇ સાડીનો છેડો સહેજ ખસી જાય, સંકેત પણ કાંઇ બોલી શકતો નહીં અને જો બોલવાની કોશિશ કરે તો વહુઘેલો કહી તેની મજાક ઉડાવાતી

'ભવ્યા મારી ચ્હા' સંકેતનો અવાજ આવ્યો પણ રસોડા તરફ જતી ભવ્યાની નજર વોશીંગ-મશીન પાસે પડેલાં કપડાંના ઢગલાં પર પડતાં તે એક પળ માટે ડરી ગઇ. આટલું બધું કામ કઇ રીતે થશે? આખું ઘર અસ્તવ્યસ્ત પડ્યું છે. એક મહિના સુધી એ ઘરને અવગણતી રહી. ન તો ઘરમાં પદ્ધતિસરનું ખાવાનું બન્યું છે કે ન તો સાફસુફી થઇ છે. તેને એમ થયું કે આંખમાં આંસુ આવી જશે. સવારે પાંચ વાગ્યાનું એલાર્મ લગાવ્યું હતું. પણ વાગ્યું નહીં. કદાચ સંકેતે બંધ કરી દીધું હોય. વિચારની તેજ ઝડપે જાણે કે હાથ ચાલતા જ ન હતા. ભગવાન કરે ને મમ્મીની ફ્લાઇટ કેન્સલ થઇ જાય, એક બે દિવસ એ મુંબઇમાં જ રોકાઇ ગયાં છે એવા સમાચાર આવે. ઓહ! હું પણ કેવા નક્કામા વિચારો કરું છું. હાથની સાથે મગજે પણ કામ કરવાનું બંધ કરી દીધું છે. અનાયાસ ભવ્યા પોતાના આ વિચારોથી શરમાઇ ગઇ. કેટલા દિવસો પછી મમ્મી પપ્પા આવી રહ્યાં છે અત્યારે પોતે શું આવા ઉટપટાંગ વિચારો કરી રહી છે.

ચ્હા લઇને ઓરડામાં ગઇ તો અર્ધનિંદ્રામાં પડેલ સંકેતને જોઇ હંસી પડી. રોજની જેમ ગરમ કપ તેના હાથને અડકાડ્યો નહીં છતાં સંકેત આંખ ખોલી દીધી. રોજ તે ભવ્યાની આ મજાકની રાહ જોતો. 'તારી ચ્હા કયાં છે?' ચ્હાનો એક જ કપ જોઇને તેણે પુછ્યું ત્યારે ભવ્યા રડવા જેવી થઇ જતાં બોલી 'ચ્હા પીવાનો ટાઇમ નથી... ઘર ખુબ જ ગંદુ થઇ ગયું છે. મમ્મી આવશે તો શું કહેશે... આટલા દિવસમાં આપણે ઘરની હાલત ધરમશાળા જેવી કરી દીધી છે. મમ્મી કેટલી ચોખ્ખાઇ રાખતાં. અને આપણે તો આપણામાં જ મશગુલ રહ્યાં. આજ જોઉં છું તો ધૂળની ખેપટ બધે દેખાય છે. પડદાં પણ મેલા થઇ ગયાં છે. અને આ બાવાં જાળાં કઇ રીતે સાફ થશે. મેલાં કપડાંનો ઢગલો પડ્યો છે. આ બધું કઇ રીતે થશે? 'ઓહો! ભવ્યા મમ્મી પપ્પા રજાઓ માણવા મુંબઇ ગયાં છે. તો ભઇ આપણે પણ રજાઓને એન્જોય કરીએ કે નહીં? પોતાના હનીમુનમાં કોઇ બાવાં જાળાં સાફ કરે.' સંકેતે ભવ્યાને પોતાની નજીક ખેંચી તો એ ખીંજાઇ ગઇ.' આ બધું તમારે કારણે થયું છે. કયારેક પીકનીક તો કયારેક મુવી તમારા એકસાઇટીંગ પ્રોગ્રામોને કારણે મને ઘર તરફ જોવાનો મોકો જ ન મળ્યો. મમ્મી આપણી બેદરકારી જોશે તો શું કહેશે ' કહેતાં ભવ્યા વોંશીગ મશીન તરફ આગળ વધી. તેની આંખોમાં સાસુમાનો ભય સ્પષ્ટ દેખાતો હતો. તેની સાસુ સુમનબેન અને સસરા રમણીકલાલ પોતાની પરણિતા દીકરી પાસે મુંબઇ ગયાં હતા. તે દરમિયાન સંકેત અને ભવ્યા તે પોતાની રીતે જીવવાનો એક મોકો મળ્યો. એક મહિનામાં એમ લાગ્યું જાણે કોઇ નવી જ જીંદગી જીવી રહ્યાં છે. લગ્નને એક વર્ષ વિતાવી ચૂકેલ યુગલ નવપરિણીત યુગલની જેમ પ્રેમમાં એવું આકંઠ ડૂબેલું કે એકાંતની એક એક પળ બંને એ જાણે કે એકબીજાને સમર્પિત કરી દીધી હતી.

આ દરમિયાન બંને એકબીજાના ઘણા અજાણ્યા, ન જોઇ શકાય હોય તેવા પાસાંઓ તેમની સમક્ષ ઉદ્‌ઘાતિ થતાં રોમાંચિત થઇ ગયાં હતા. સુમનબેનની ઘર ચલાવા માટે અપાયેલ સલાહો-સુચનો, અને શિખામણો એકબીજાનાં પ્રેમ આગળ વિસ્મૃત થઇ ગયા હતા. સંકેતનો સાથ અને નિયમોના બંધનોથી મુક્ત બિન્દાસ, અસ્તવ્યસ્ત દિનચર્યામાં મસ્ત સમયને જાણે કે પાંખો ફૂંટી આવી હતી. ભવ્યાની સાડીઓ કબાટમાં સંકેલીને મુકાઇ ગઇ અને તેની જગ્યાએ કુર્તી, ટોપ, જીન્સ અને ડિઝાઇનર ડ્રેસ આવી ગયા હતા. આમ તો તેને સાડી પહેરવી બહુ જ ગમતી. પણ રોજ સાડીનો છેડો માથે રાખી નિયમોના બંધનમાં બંધાયેલ રહેવાથી તે સાડીથી કંટાળી ગઇ હતી. સુમનબેન રીતિરિવાજો અને નિયમોમાં બહુ પાકાં હતા. મજાલ છે કે મમ્મીની સામે કોઇ સાડીનો છેડો સહેજ ખસી જાય. સંકેત પણ કાંઇ બોલી શકતો નહીં. અને જો બોલવાની કોશિશ કરે તો વહુઘેલો કહી તેની મજાક ઉડાવાતી. એમાં ભવ્યા તેને ચૂપ રહેવા જણાવતી. ઘરની શાંતિ માટે પત્નીને જે મુશ્કેલીઓ પડતી તેનાથી સંકેતને પોતે જ આ બધા માટે જવાબદાર છે એવું લાગતું. એરેન્જ મેરેજથી બંધાયેલાં સંકેત અને ભવ્યા એકબીજાને સમજવાનો પ્રયાસ કરતાં હતા. એમ લાગતું કે જાણે એકબીજાને ઓળખે છે. પણ એક વર્ષ પછી મમ્મી-પપ્પા મુંબઇ ગયા ત્યારે ખબર પડી કે હજુ સુધી બંને એક બીજાને કયાં સરખી રીતે ઓળખી શક્યા છે. જીવનમાં નવસંચાર થયો. આ એક મહિનામાં ભવ્યાના વ્યક્તિત્વનાં અનેક અણબોટ રહસ્યો ઉજાગર થયા હતા. વિતેલા આ દિવસો તેના ઉન્મુક્ત સુંદર સલુણા રુપનું આસ્વાદન પામતાં સંકેત ભવ્યાના દરેક નાના-મોટા કામમાં મદદ કરાવતાં તેની સાથે વધુને વધુ સમય વિતાવવાનો એક પણ મોકો છોડતો ન હતો. સુમનબેનને તો સંકેત આ રીતે ઘરનાં કામમાં મદદ કરે એ બિલકુલ ગમે નહીં. એક દિવસ ભવ્યાનું માથું દુઃખતું હતું. એટલે સંકેત આંગણામાં સુકવેલાં કપડાં લઇ આવી સંકેલવાનું શરું કર્યું તે જોઇ સુમનબેન બહુ જ નારાજ થઇ ગયેલાં. 'સંકેત અમે ઘરમાં હોઇએ ને તું ઘરનાં આવા કામો કરે તે ચાર જણ જૂએ તો શું કહેશે.' સુમનબેનની આ વાતનો જવાબ સંકેત મજાકમાં આપેલો. 'મમ્મી એ ચાર લોકોમાં છે કોણ તો એ તો બતાવ. બારીમાંથી ડોકીયાં કરતાં ભારતી આન્ટી, કામવાળાં સોનીબેન અને પેલા... આંગણીના વેઢાથી ગણાવવાનું નાટક કરતાં વાતાવરણને તનાવ-મુક્ત કરવાનો તેનો પ્રયાસ સુમનબેનને જરાય ગમ્યો ન હતો.'

## નવાં કલેવર

- નટવર હેડાઉ

સંકેતને માં નો આ વહેવાર તેના વાસ્તવિક સ્વભાવ કરતાં જુદો લાગતો. એવું પ્રતિત થતું જાણે કોઇ અજાણ વ્યક્તિત્વને અનુરુપ એ વર્તે છે. માંનું આ રુપ સંકેત માટે નવું હતું. કેમ કે સ્નેહા માટે સંબંધ કરવાનો હતો ત્યારે માં એ ઘરમાં પરિવેશનો ખાસ ખ્યાલ રાખતો હતો. તેને એ વાતની ફીકર રહેતી હતી કે સ્નેહાને એવું ઘર ન મળે જયાં જુની પરંપરાઓ ચાલતી હોય. ત્યારે તે એવું કહેતી હતી કે હવે જૂનો જમાનો રહ્યો નથી, જેમાં છોકરીઓને ઘરની રહેણીકરણીના પાઠ ભણાવવા પડતા. ના... ના... અમે ઘણી મુસીબતો સહન કરી છે, આજકાલની છોકરીઓ તેને કોઇ ટોકે તો સહન કરી લે એવી નથી હોતી. સ્નેહાને જીન્સ પહેરવાની આદત હતી. તેમાં આધુનિક સમયની વાત કરતાં પોતાની સાસુ એટલે કે સંકેતની દાદીમાં વાત કરતાં. તેનામાં કડવાશ આવી જતી. તેણે સુમનબેનને કડક શિસ્તમાં રાખ્યા હતા.

(ક્રમશઃ)

# સ્વયંને ચાહો તો જ અન્યને ચાહી શકો

**ભગવાન બુદ્ધ કહે છે કે તમે સ્વયંમાં સૌ પ્રથમ સભર બની જાઓ, પછી જ તમે કોઇ અન્યને ભરપુર ચાહી શકશો, તમે સૌ પ્રથમ તમારામાં ઓતપ્રોત બની જાઓ, તમે સૌ પ્રથમ તમને, પોતાની જાતને જ પ્રેમ કરો ને, ભગવાન બુદ્ધે કહ્યું છે કે, 'આપ્પદીપ ભવ : એટલે કે તું જ તારો દીવો થા'**

આયરિશ કવિ અને નવલકથાકાર જેમ્સ્ જોયસ્ (૧૮૮૨-૧૯૪૧) કહે છે કે હૃદયની પવિત્ર લાગણીઓને વ્યક્ત કરતો ઈશ્વરીય અભિગમ એટલે પ્રેમ. એમાં કોઈ દંભ કે કપટને સ્થાન હોઈ શકે નહીં. પ્રેમમાં કોઈ છેતરામણી ચાલી શકે નહીં અને એવી કપટનીતિ હોય ત્યાં પ્રેમ હોય જ નહીં.

જેમ્સ્ જોયસ્ માનવીય સંબંધોના તાણાવાણા ઉપર બારીકાઈથી કલમ ચલાવી છે. 'ધ ડેડ' અને 'ધ સિસ્ટર્સ' તેમના ધ્યાનપાત્ર વાર્તાસંગ્રહ છે. સંબંધનું ન હોવું એ કોઈ સમસ્યા છે જ નહીં. કોઈ સાથે સંબંધમાં પૂર્ણવિરામ મૂકાઈ ગયું હોય ત્યારે એથી પછી કોઈ તકલીફ પડતી નથી. પરંતુ સંબંધ હોવા છતા પણ સંબંધ હોવાનો અહેસાસ ન થઈ રહ્યો હોય તે બાબત ખુબ જ તકલીફદાયક હોય છે.

જયારે તમે કોઈને પ્રેમ આપો છો તો એનો અર્થ એ થયો કે તમારી ભીતર પણ પ્રેમ છે. તમારા માંહ્યલામાં પ્રેમ હોવો જોઈએ અને તો જ તમે કોઈને પ્રેમ આપી શકો. જે કશુંક તમારી પાસે હોય તે જ તમે કોઈને આપી શકો ને? કેમ કે જે તમારી પાસે જ ન હોય તો એ તમે કોઈને કેવી રીતે આપી શકો?

ભગવાન બુદ્ધ કહે છે કે તમે સ્વયંમાં સૌપ્રથમ સભર બની જાઓ. પછી જ તમે કોઈ અન્યને ભરપુર ચાહી શકશો. તમે સૌપ્રથમ તમારામાં ઓતપ્રોત બની જાઓ. તમે સૌપ્રથમ તમને, પોતાની જાતને જ પ્રેમ કરો ને. ભગવાન બુદ્ધે કહ્યું છે કે'આપ્પદીપ ભવઃ એટલે કે તું જ તારો દીવો થા. આમ પ્રેમ તમને અધ્યાત્મ પણ શીખવે છે.

મૂળ વાત એટલી જ કે તમે તમારી ભીતર પ્રેમ પ્રગટાવો. તમે સૌપ્રથમ તમારી જાતને ચાહો અને પછી કોઈ અન્યને ચાહો. દરેકની જિંદગીમાં ખરેખર તો એવું બનતું હોય છે કે બીજાને ચાહવાની લગનીમાં આપણે આપણી જાતને સ્વયંને ચાહવાનું જ ભુલી જતા હોઈએ છીએ.

## ગુલમહોર

- દિનેશ દેસાઇ

સ્વ ને ચાહવું એટલે શું? આપણે કોઈ અન્ય વ્યક્તિને પ્રેમ કરતા હોઈએ ત્યારે આપણે સ્વયંને ખુદ નજરઅંદાજ કરી દઈએ છીએ. પોતાને પોતાની નજરમાંથી ક્યારેય નીચા પાડવા દેશો નહીં. પોતાના વિશે હંમેશા ચ્ચ અને આદરપાત્ર વિચારો જ રાખો. પોતાનો જો કોઈ અનાદર કરે કે નીચા પાડવા પ્રયાસ કરે તેવી વ્યક્તિને તમારાથી દૂર કરી દો અને એને નજીક પણ ન આવવા દો. જે લોકો તમારા વિશે નકારાત્મક વલણ રાખે તેની સાથે પણ તમારે અંતર રાખવું જોઈએ.

આપણે આપણી જાતને ચાહવા માટે આપણી પસંદનાપસંદ, ગમાઅણગમાનો ખ્યાલ ખુદ પોતે જ રાખવો. તમારી કાળજી અન્ય લોકો લેશે એવી રાહ જોવાના બદલે તમને જે ગમે તે જ કાર્ય તમે પસંદ કરો. તમને જે ખાવાપીવાનું કે ફરવાનું ગમે એ જ તમે કરો. તમારી રંગોની પસંદગી, તમારું ગમતું ભોજન, તમારા વ સ્ત્રોની પસંદગી વગેરે ઉપર કોઈ અન્ય વ્યક્તિને હાવી થવા દેશો નહીં. કોઈ વ્યક્તિ તેના વિચારો તમારા ઉપર લાદી દે એવી ગુલામી અવસ્થા ક્યારેય આવવા દેવી નહીં.

પોતાની જાતને પ્રેમ કરવા માટે એ પણ જરુરી છે કે તમે બીજા લોકો શું કહેશે, એવો ખ્યાલ જ મનમાંથી કાઢી નાખો. તમને જે સારું લાગે એ જ તમે કરો. બીજાના અભિપ્રાય, સલાહ અને બીજા લોકોની સંમતિ માગવાનું બંધ કરી દો. કોઈને સારું લાગે એવું કરવું, એમ નહીં, પરંતુ પોતાને સારું લાગે એવું જ હંમેશા કરવું. ભુતકાળ ભુલી જવો એ સારી બાબત છે પરંતુ ભુતકાળની ભુલોમાંથી તમારે કંઈકને કંઈક જરુર શીખવું જોઈએ.

તમને જે કાર્ય કરવાથી ખુશી મળતી હોય તે કાર્ય કોઈની પણ પરવા કર્યા વિના અવશ્ય કરો. પ્રત્યેક પળે તમારા અંતરાત્માનો અવાજ સાંભળો અને અંતરાત્માના અવાજને અનુસરો. પોતાની જાતને જે કાર્ય કે બાબત સારાં ન લાગે તે ક્યારેય ન કરો. હંમેશા આત્મવિશ્વાસથી છલોછલ રહો. છેલ્લે મહત્વની બાબત એ જ કે તમે સૌપ્રથમ તમારી જાતને પ્રેમ કરવા લાગશો એ પછી જ તમે કોઈ અન્ય વ્યક્તિને પ્રેમ કરી શકશો, પ્રેમ આપી શકશો.

**સ્ટોપર :**

**"ફીર વહી દિલ કી ગુજારીશ, ફીર વહી ઉનકા ગુરુર,**
**ફીર વહી ઇનકી શરારત, ફિર વહી મેરા કસૂર"**